www.aiche.org/ccps

Process Safety Beacon

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx

ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યક્તિઓ માટે સંદેશો

This issue sponsored by ioMosaic www.iomosaic.com

# એક સુરક્ષા ના સાધને કામ ન કર્યું !


જુન - ૨૦૧૪

ચિત્ર ૧માં ઉત્તરીય અમેરીકાના એક શહેરમાં આવેલા એક ફાયર હાઈડ્રન્ટ દર્શાવેલ છે, જેને શિયાળામાં ખૂબ જ બરફનો સામનો કરવો પડે છે. હાઈડ્રન્ટની ડાબી બાજુ લગાવેલ લોખંડનો સળીયો તેનું સ્થાન ઓળખવા માટે લગાવેલો છે, જે પિક્ચરમાં દર્શાવેલ છે, લોખંડના સળીયા ઉપર ધજા લગાવી છે જે બરફમાં ઘેરાયેલાં હાઈડ્રન્ટને ઓળખવામાં ફાયર ફાઈટર્સને મદદ રૂપ થાય છે. ધજા એ ફાયર હાઈડ્રન્ટનું સ્થાન પણ દર્શાવે છે જેથી બરફ ખસેડતા સાધનોથી તેને નુકસાન ન થાય અને માણસો પોતાના વાહનો આ જગ્યાએ પાર્ક ન કરે જેથી હાઈડ્રન્ટ સુધી પહોંચવામાં કોઇ અડચણ ન ઉભી થાય.

આ સુરક્ષા સાધનો સમસ્યા ઊભી કરી તે દેખીતું છે. લોખંડનો સળીયો ઊભો કરવામાં આવેલો હતો જે વાલ્વના હેન્ડલમાંથી પસાર કરેલો હતો. સળીયાને પહેલા કાઢયા વગર વાલ્વને તમે ચાલુ કરી શકો નહીં. સળીયાને અને ધજાને કાઢીએ ત્યાં સુધી ઘણો મુલ્યવાન સમય પસાર થઈ જાય, ખાસ કરીને ખરેખરી કટોકટી પરિસ્થિતિમાં.

ચિત્ર ૨ નું સમાન ચિત્ર છે ચિત્ર ૩, જેને ઓક્ટોબર ૨૦૦૪ના બેકન માંથી લીધેલું છે. ચિત્ર ૩ માં કુદરતે ઝાડની ડાળખીથી, અગ્નિશામક પાણીની લાઈન ના વાલ્વને ખોલવો મુશ્કેલ બનાવ્યો હતો. ચિત્ર ૧ માં કોઈએ લોખંડનો સળીયો અને ધજા ફાયર હાઈડ્રન્ટ વાલ્વમાંથી પસાર કરેલી હતી, જેની પણ અસર એવી જ હતી.







## શું તમે જાણો છો ?

➔ ફાયર હાઈડ્રન્ટ ઉપર લગાવેલ ધજાને સુરક્ષા સાધન ગણાવી શકાય જે હાઈડ્રન્ટને બરફ કાઢવાના સાધનથી થતા નુકસાનથી બચાવે છે, માણસોને યાદ અપાવે છે કે હાઈડ્રન્ટનો રસ્તો રોકવો નહી અને બરફમાં દબાયેલો હાઈડ્રન્ટને શોધવા ફાયર ફાયટરો ને મદદ રૂપ થાય છે પરંતુ તે અયોગ્ય રીતે લગાવેલ હોવાથી, હાઈડ્રન્ટ વાલ્વને ઝડપથી ખોલવો મુશ્કેલ બને છે. આથી સુરક્ષા સાધનથી નવો અને કદાચ વધારે ગંભીર સમસ્યા ઉત્તપન્ન થઈ.

➔ કોઈપણ સુરક્ષા સાધન નવો જોખમ ઉત્પન્ન કરી શકે છે. સાધનમાં કરવામાં આવતો સુધારો, ભલે પછી તે સુરક્ષામાં વધારો કરવા બનાવેલ હોય, પણ નવા જોખમ ઉત્પન્ન કરી શકે છે અથવા ચાલુ જોખમ ને વધારે ગંભીર બનાવી શકે છે. આ ત્યારે સાચુ પડે છે જ્યારે સુરક્ષા સાધનને યોગ્ય રીતે લગાવેલ ન હોય.

## તમે શું કરી શકો ?

➔ વ્યવસ્થામાં કરાતો કોઈપણ સુધારો, જેમાં નવા સુરક્ષા સાધનો લગાવવાનું પણ સામેલ છે, આ સુધારાને તમારા પ્લાન્ટની વ્યવસ્થાપનમાં બદલાવ (એમઓસી) પધ્ધતિ દ્વારા સમીક્ષા કરવો જરૂરી છે.

➔ જ્યારે નવા સુરક્ષા સાધનને વ્યવસ્થાપનમાં બદલાવ માટે (એમઓસી) સમીક્ષા કરો ત્યારે ખાત્રી કરો કે આ સુરક્ષા સાધનથી સંભવીત નવા જોખમોને પણ ગણતરીમાં લીધેલાં છે.

➔ સુધારાની સમીક્ષા કર્યા પછી ખાત્રી કરો કે તેને યોગ્ય રીતે પ્રસ્થાપિત કરેલ છે અને તે તમારા પ્લાન્ટની કામચાલુ કરતા પહેલા સુરક્ષા સમીક્ષા (પીએસએસઆર) ની પધ્ધતિ પ્રમાણે વાપરવા તૈયાર છે.

➔ કટોકટી સામે પ્રતિકાર કરનાર માણસોને એમઓસી અને પીએસએસઆર ની પ્રક્રિયામાં સામેલ કરો જો સુધારાથી તેમને અસર થવાની હોય.

**બધા જ ફેરફારની સમીક્ષા કરો- ભલે તે પછી સુરક્ષા માટે કરવામાં આવ્યા હોય !**

©AIChE 2014. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for any commercial purpose without express written consent of AIChE is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.

The Beacon is usually available in Arabic, Afrikaans, Chinese, Czech, Danish, Dutch, English, French, German, Greek, Gujarati, Hebrew, Hindi, Italian, Japanese, Korean, Malay, Marathi, Norwegian, Persian, Polish, Portuguese, Romanian, Russian, Spanish, Swedish, Telugu, Thai, Turkish, and Vietnamese.